સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિની તા.૨૩-૧૨-૦૮ ના રોજ

મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતોઃ-

:::::::::::

મ્યુ.કમિશનરશ્રીના તા.૧૯-૧૨-૦૮ ના પત્ર નં.સી.મી.સ./૮/૩૭ થી વિદિત થઈ, સૂચિત નગર રચના યોજના, સુરત નં.૭૮ (ડુમસ-ભીમપોર-ગવિયર) તૈયાર કરવા અંગે ફાઈલના પાના નં.૮૭ પર સામેલ નકશામાં ગુલાબી રંગથી સળંગ રેખામાં દર્શાવેલ વિસ્તારોમાં સૂચિત નગર રચના યોજના, સુરત નં.૭૮ (ડુમસ-ભીમપોર-ગવિયર) બનાવવા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૧(૨) મુજબ ઈરાદો જાહેર કરવાનું, ઈરાદો જાહેર કરવા અંગે સામેલ અધિસુચન મંજુર કરવાનું, સદર અધિસુચનને બહોળો ફેલાવો ધરાવતા બે સ્થાનિક દૈનિક વર્તમાન પત્રોમાં એક-એક વખત પ્રસિધ્ધ કરવાનું, ઈરાદો જાહેર કર્યા મુજબ સરકારશ્રીના રાજય પત્રમાં પ્રસિધ્ધ કરવાનું તેમજ મુસદ્દો તૈયાર કરી સક્ષમ સત્તાની મંજુરી મેળવી સરકારશ્રીમાં સાદર કરવાની તમામ કાર્યવાહી કરવા માટે મ્યુ.કમિશનરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

<u>ઠરાવ નં.૬૦/૨૦૦૮ સર્વાનુમતે મંજુર</u>

સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા,
તા.૩૦-૧૨-૦૮.